પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૨૩ ૫ ફેબ્રુઆરી, ૨૦૨૦, બુધવાર; મહા સુદ - ૧૧ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# હાલ એનઆરસી લાગૂ નહિ કરાય

**લોકસભાની કાર્યવાહી દરમિયાન એનઆરસીને લઇ જારી તીવ્ર વિરોધ પ્રદર્શન વચ્ચે સરકાર તરફથી જાહેરાત : વિરોધ પક્ષો પર કરેલા તીવ્ર પ્રહારો**



નવીદિલ્હી, તા. ૪

નાગરિક સુધારા કાનૂન અને નેશનલ રજિસ્ટર ઓફ ઈન્ડિયન સિટિઝન પર દેશભરમાં વિરોધ પક્ષો દ્વારા જોરદાર હોબાળો મચેલો છે ત્યારે સરકારે આજે ખુલાસો કરતા કહ્યું હતં કે, હજુ સુધી એનઆરસીને લઈને કોઈપણ નિર્ણય કરવામાં આવ્યો નથી. વિપક્ષી દળો એનઆરસીનો વિરોધ કરી રહ્યા છે. કેન્દ્રીય ગૃહ રાજયમંત્રી નિત્યાનંદ રાયે લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં કહ્યું હતું કે, હજુ સુધી સરકારે રાષ્ટ્રીય સ્તર પર એનઆરસી બનાવાનો કોઈ નિર્ણય કર્યો નથી. દિલ્હીમાં વિપક્ષી દળોએ સીએએ અને એનઆરસીના વિરોધમાં બેઠકો યોજી હતી. અલબત્ત આ બેઠકમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને બહુજન સમાજ પાર્ટીના નેતા માયાવતી ઉપસ્થિત રહ્યા ન હતા. સરકારે અનેક વખતે આને લઈને નિવેદન કર્યું છે. સાથે સાથે સ્પષ્ટતા પણ કરી છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે શુક્રવારના દિવસે બજેટ સત્રની શરૂઆતના દિવસે સંસદના બંને ગૃહોની સંયુક્ત બેઠકને સંબોધતા કહ્યું હતુ કે, એનઆરસીનો કોઈ

● અનુસંધાન પાન-૭ પર

## અન્ડર-૧૯ વર્લ્ડકપમાં ભારતની પાકિસ્તાન પર ૧૦ વિકેટે જીત

**આઈસીસી અન્ડર-૧૯ વર્લ્ડકપની સેમિફાઇનલમાં જીતવા માટેના ૧૭૨ રન ભારતે વિના વિકેટે બનાવી લીધા : સતત બીજી વખત ભારતીય ટીમ ધરખમ દેખાવ સાથે ફાઈનલમાં : ઓપનિંગ ખેલાડી જયસ્વાલની ૧૧૩ બોલમાં ભવ્ય અણનમ સદી**

જ્હોનિસબર્ગ, તા.૪

આઈસીસી અન્ડર-૧૯ વર્લ્ડકપની સેમિફાઈનલમાં ભારતીય ટીમે આજે તેના નજીકના હરીફ પાકિસ્તાન ઉપર ૧૦ વિકેટે જીત મેળવીને ફાઈનલમાં કુચ કરી હતી. ભારતીય ટીમ આજની મેચમાં છવાયેલી રહી હતી જ્યારે પાકિસ્તાનના બેટ્સમેનો અને બોલરો સંપૂર્ણ નિષ્ફળ રહ્યા હતા. પાકિસ્તાને પ્રથમ બેટિંગ કરતા ૧૭૨ રન બનાવ્યા હતા જેની સામે ભારતે કોઈપણ વિકેટ ગુમાવ્યા વિના ૩૫.૨ ઓવરમાં આ રન બનાવી લીધા હતા. ભારત તરફથી ઓપનિંગ બેટ્સમેન જયસ્વાલ ૧૧૩ બોલમાં ૮ ચોગ્ગા અને ચાર છગ્ગા સાથે ૧૦૫ રન કરીને અણનમ રહ્યો હતો. ભારતીય ટીમે આજે તમામ ક્ષેત્રોમાં જોરદાર દેખાવ કર્યો હતો અને પાકિસ્તાનની ટીમને પરાજિત કરી હતી. આ મેચમાં પાકિસ્તાન અન્ડર-૧૯ના કેપ્ટને ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. જો કે, પાકિસ્તાની કેપ્ટન રોહેલ નઝીરનો આ નિર્ણય ઘાતક સાબિત થયો હતો. પાકિસ્તાન



તરફથી હૈદરઅલીએ ૫૬ અને રોહેલ નઝીરે ૬૨ રન કર્યા હતા. બાકીના તમામ બેટ્સમેનો નિષ્ફળ રહ્યા હતા. ભારત તરફથી મિશ્રાએ ૨૮ રન આપીને ત્રણ વિકેટ અને કાર્તિક ત્યાગીએ ૩૨ રન આપીને બે વિકેટ ઝડપી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## સેંસેક્સમાં ૯૧૭ પોઈન્ટનો ઉછાળો

**બજેટના દિવસે ૯૮૮ પોઇન્ટનો ઘટાડો નોંધાયા બાદ ઉલ્લેખનીય ફરીવાર રિકવરી : રોકાણકારોની સંપત્તિમાં ૨.૩૪ ટ્રિલિયન રૂપિયા સુધીનો વધારો**

મુંબઈ,તા. ૪

શેરબજારમાં આજે જોરદાર તેજીનું મોજુ ફરી વળ્યું હતું. કારોબારના અંતે સેંસેક્સમાં હાલમાં તમામ નુકસાનની રિકવરી થઈ ગઈ હતી. બજેટના દિવસે થયેલા ભારે નુકાસન બાદ આજે દિવસ દરમિયાન લેવાલીનો માહોલ રહ્યો હતો. વૈશ્વિક બજારોમાં નોંધાયેલી રિકવરીની અસર પણ જોવા મળી હતી. આજે કારોબારના અંતે સેંસેક્સ ૯૧૭ પોઈન્ટ ઉછળીને ૪૦૭૮૯ની ઉંચી સપાટીએ રહ્યો હતો. એચયુએલ અને બજાજ ઓટો સિવાયના તમામ શેરમાં તેજી રહી હતી. ૩૦ શેર સેંસેક્સ ઈન્ડેક્સ પૈકીના ૨૮માં તેજી રહી હતી. ટાઈટનના શેરમાં સાત ટકાથી વધુનો ઉછાળો રહ્યો હતો તેના ત્રિમાસિક ગાળાના પરિણામ આજે જારી કરવામાં આવ્યા હતા. આજે કારોબાર દરમિયાન મૂડીરોકાણકારોની સંપત્તિમાં ઉલ્લેખનીયરીતે વધારો થયો હતો. તેમની સંપત્તિમાં ૨.૩૪ ટ્રિલિયનથી વધુનો ઉછાળો આવ્યો હતો. આની સાથે જ સંપત્તિ વધીને ૧૫૬.૧૦ ટ્રિલિયન સુધી પહોંચી ગઈ હતી. અનેક શેરની સપાટી બાવન સપ્તાહની ઉંચી સપાટી ઉપર પહોંચી હતી. અમેરિકી શેરબજારમાં ડાઉજોન્સની અસર પણ જોવા મળી હતી. એસએન્ડપી ૫૦૦માં ૦.૭ ટકાનો અને નાસ્ડેકમાં ૧.૩ ટકાનો ઉછાળો નોંધાયો હતો. કોરોના વાયરસને લઈને દહેશતની અસર આજે વૈશ્વિક બજારોમાં ઘટી હતી

● અનુસંધાન પાન-૭ પર

## મુખ્યમંત્રીનું નામ જાહેર કરવા કેજરીવાલનો ભાજપને પડકાર

**ભાજપને આજે બુધવાર સુધીનો સમય આપ્યો : ભાજપ સત્તામાં આવશે તો મુખ્યમંત્રી કોણ બનશે તે અંગે પ્રજા જાણવા માંગે છે : અરવિંદ કેજરીવાલ**

નવીદિલ્હી, તા. ૪

આમ આદમી પાર્ટીની રાષ્ટ્રીય સંયોજક



અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે દિલ્હીમાં આઠમી ફેબ્રુઆરીના દિવસે યોજાનાર વિધાનસભાની ચૂંટણી પહેલા આજે ભાજપને ખુલ્લો પડકાર ફેંક્યો હતો. દિલ્હીની ચૂંટણી માટે તેના મુખ્યમંત્રી પદના ઉમેદવારનું નામ જાહેર કરવા કેજરીવાલે ભાજપને પડકાર ફેંક્યો હતો. તેમણે કહ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી પાસે મુખ્યમંત્રી પદના ઉમેદવાર પણ નથી. કેજરીવાલે કહ્યું હતું કે, અમિત શાહ અપીલ કરી રહ્યા છે કે લોકોએ ભાજપને મત આપવો જોઈએ અને ચૂંટણી બાદ મુખ્યમંત્રી કોણ બનશે તે અંગે માહિતી મળી રહી નથી. એક લોકશાહીમાં પ્રજાના મુખ્યમંત્રી કોણ હોય છે તે તમામ લોકો જાણે છે. લોકતંત્રમાં પ્રજા મુખ્યમંત્રી પસંદ કરે છે. અમિત શાહ મુખ્યમંત્રી પસંદ કરી શકે નહીં. કેજરીવાલે કહ્યું હતું કે, તેઓ ઈચ્છે છે કે, ભારતીય જનતા પાર્ટી તેના મુખ્યમંત્રી પદના ઉમેદવારનું નામ જાહેર કરે જેની સાથે તેઓ ચર્ચા કરવા માટે ઈચ્છુક છે.

● અનુસંધાન પાન-૭ પર

## દિલ્હીમાં દોષ નહીં, દિશા આપનારી સરકાર જોઈએ : મોદી

**વડાપ્રધાન મોદીએ દિલ્હીના દ્વારકામાં જનસભા સંબોધી : સર્જિકલ સ્ટ્રાઇક સામે સવાલ કરનારને સજા કરવાનો સમય : સર્જિકલ-એર સ્ટ્રાઇક વેળા અહીં સત્તામાં રહેલા લોકોએ પાકિસ્તાનને ફાયદો થાય તેવા નિવેદનો કર્યા હતા : વોટબેંકની રાજનીતિથી દિલ્હીનો વિકાસ નહીં : દિલ્હીમાં ક્રૂર સરકાર બેઠી છે, બાટલા હાઉસ માટે રડી શકો છો પણ દિલ્હીનો વિકાસ નથી કરી શકતા**

નવીદિલ્હી, તા. ૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સતત બીજા દિવસે દિલ્હી વિધાનસભાની ચૂંટણીને લઈને પ્રચારનો દોર જારી રાખ્યો હતો. વડાપ્રધાને આજે પણ કેજરીવાલ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. મોદીએ કહ્યું હતુ કે, દિલ્હીને દોષ આપનાર નહીં બલ્કે દિશા આપનાર સરકારની જરૂર દેખાઈ રહી છે. તેમણે ઉમેર્યું હતું કે, મતદાનથી ચાર દિવસ પહેલા ભાજપની તરફેણમાં આ પ્રકારના માહોલને જોઈને હરીફ લોકોની ઉંઘ હરામ થઈ ગઈ છે. મોદીએ કહ્યું હતુ કે, કેન્દ્ર સરકાર એક પછી એક કઠોર નિર્ણય કરી રહી છે. કેજરીવાલ સરકાર દિલ્હીના વિકાસમાં અડચણો ઉભી કરી રહી છે. મુખ્યમંત્રી કેજરીવાલના નિવેદનો તરફ ઈશારો કરતા મોદીએ કહ્યું હતુ કે, દિલ્હીને એવી રાજનીતિની જરૂર નથી જે ત્રાસવાદી હુમલાના સમયે ભારતની તરફેણને કમજોર કરે. જે પોતાના નિવેદનથી દુશ્મન દેશોને ભારત પર પ્રહાર કરવાની તક આપે. ભાજપની તરફેણમાં માહોલથી કેટલાક લોકોની ઉંઘ હરામ થઈ ગઈ છે. પૂર્વીય દિલ્હીમાં આવો જ માહોલ છે અને દ્વારકામાં પણ આવો જ માહોલ છવાયેલો છે. આનાથ સ્પષ્ટ થઈ જાય છે કે, ૧૧મી ફેબ્રુઆરીના દિવસે કેવા પરિણામ આવનાર છે. દિલ્હીને વધારવા માટે રાષ્ટ્રહિતના ભાવને બુલંદ રાખવાની જરૂર છે. જોશ અને જુસ્સાને પણ જાળવી રાખવાની જરૂર છે. મોદીએ કેજરીવાલના નામનો ઉલ્લેખ કર્યા વગર તેમના પર પ્રહાર કર્યા હતા. આ ચૂંટણી દશકની પ્રથમ ચૂંટણી છે. આ દશકમાં ભારતમાં દશક તરીકે છે. ભારતની પ્રગતિ તેના



આજે લેવામાં આવેલા નિર્ણય પર આધારિત રહેશે. મોદીએ ઉમેર્યું હતું કે, આજે દેશના પાટનગરને આ દશકમાં ૨૦૩૦ સુધીનો રસ્તો બતાવવાની જરૂર છે. કેજરીવાલ પર ગરીબ વિરોધી હોવાનો આક્ષેપ કરતા વડાપ્રધાને કહ્યું હતું કે, ગરીબોની ભલાઈવાળી યોજનાઓને રોકવામાં આવી રહી છે. જો ગરીબો માટે હિત ઈચ્છશે તો તેના મનમાં ગરીબો પ્રત્યે પીડા રહેશે. ગરીબોની યોજનાઓને

● અનુસંધાન પાન-૭ પર

## રામમંદિર ટ્રસ્ટ સોમનાથ ટ્રસ્ટની પેટર્ન પર બનશે, ૯મી અંતિમ તારીખ

ન્યુ દિલ્હી,તા.૪

દેશના સૌથી વિવાદાસ્પદ એવા અયોધ્યા મુદ્દે સર્વોચ્ચ અદાલતે રામમંદિરની તરફેણમાં ચૂકાદો આપી દીધા પછી રામમંદિર ટ્રસ્ટના નિર્માણ આડે હવે ફક્ત ૫ દિવસ બાકી છે. હાલ મળી રહેલાં સંકેતો મુજબ,પ્રસ્તાવિત રામમંદિર ટ્રસ્ટ સોમનાથ મહાદેવ મંદિરનું સંચાલન કરી રહેલ સોમનાથ ટ્રસ્ટની તર્જ પર જ બનશે.

સર્વોચ્ચ અદાલતે રામમંદિરની તરફે ચૂકાદો આપ્યો ત્યારે મંદિર નિર્માણ અને વ્યવસ્થા, સંચાલન માટે ટ્રસ્ટ બનાવવા કેન્દ્ર સરકારને આદેશ કર્યો હતો અને એ માટે અંતિમ મુદત ૯ ફેબ્રુઆરી સુધીની આપી હતી. એ પછી કેન્દ્ર સરકારે રામમંદિર વિવાદ દરમિયાન પક્ષકાર રહેલ રામ જન્મભૂમિન્યાસ, નિર્મોહીઅખાડા વ.ને ટ્રસ્ટમાં સ્થાન આપવાની જાહેરાત કરી છે પરંતુ હજુ સુધી ટ્રસ્ટના અન્ય સભ્યો અને ખાસ તો ટ્રસ્ટના માળખા અંગે કોઈ જાહેરાત થઈ નથી. હવે માત્ર પાંચ જ દિવસ બાકી છે ત્યારે પ્રસ્તાવિત ટ્રસ્ટ સોમનાથ ટ્રસ્ટ જેવું જ સ્વરૂપ ધરાવતું હશે એ ધારણા પ્રબળ બને છે. આઝાદી પછી સોમનાથ મંદિરનો જિર્ણોદ્ધાર કરવાનું નક્કી થયું ત્યારે તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ મંદિર નિર્માણથી કેન્દ્ર સરકારને અળગી રાખવાનું વલણ દાખવ્યું હતું. એ વખતે સમર્થ ગુજરાતી સાહિત્યકાર અને કાનૂનવિદ કનૈયાલાલ મુનશીએ બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ (૧૯૫૦) અંતર્ગત ટ્રસ્ટ રચવા માટે કેન્દ્ર સરકારની મંજૂરી મેળવી અને એ રીતે સોમનાથ ટ્રસ્ટ રચાયું, જે મંદિરના જિર્ણોદ્ધાર અને પછી સંચાલન, વ્યવસ્થાની જવાબદારી સંભાળે છે.

## ચીનમાં કોરોનાનો આતંક યથાવત

**મૃતાંક વધીને ૪૩૦થી વધુ : ચીનમાં દરરોજ ૨૦૦૦થી પણ વધારે નવા કેસ સપાટી પર સોમવારે એક દિવસમાં ૬૪ના મોત : વાયરસ બેકાબુ હોવાની ચીનની કબુલાત**

બેઝિંગ,તા.૪

ચીનમાં ખતરનાક સાબિત થઈ રહેલા કોરોના વાયરસના કારણે મોતનો આંકડો ઝડપથી વધી રહ્યો છે. ચિંતાજનક રીતે વધી રહેલો મોતનો આંકડો વધીને હવે ૪૩૦ ઉપર પહોંચી ગયો છે. જ્યારે અસરગ્રસ્ત લોકોની સંખ્યા વધીને ૨૦૪૪૦થી ઉપર પહોંચી ગઈ છે. ચીનમાં સાવેચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં હવે કોરોના વાયરસ બેકાબુ છે. નવા કેસોની સંખ્યા પણ રેકોર્ડ ગતિથી વધી રહી છે. સોમવારના દિવસે તો કોરોના વાયરસે એક જ દિવસમાં ૬૪ લોકોનો ભોગ લઈ લીધો હતો. ગયા વર્ષે વાયરસનો પ્રથમ કેસ સપાટી પર આવ્યા બાદથી વાયરસના કારણે સોમવારના દિવસે સૌથી સવારે મોત થયા હતા. સૌથી વધારે અસરગ્રસ્ત એવા વુહાનને દેશના બાકીના હિસાથી હાલ અલગ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ચીને પણ હવે કબુલાત કરી છે કે ફલુ જેવા ઈન્ફેક્શનને રોકવા માટે કેટલીક તકલીફ થઈ રહી છે. તેની પાસે પુરતા પ્રમાણમાં રોગને રોકવા માટે સાધન નથી. દવા પણ નથી. વિશ્વના ૩૩થી વધારે દેશો આ રોગના સકંજામાં આવી ગયા છે. બે ડઝનથી વધારે દેશોમાં આશરે ૧૫૦ કેસો સપાટી પર આવી ચુક્યા છે. બીજી બાજુ જુદા જુદા દેશો પોતાના નાગરિકોને ખસેડી લેવાની કવાયતમાં લાગેલા છે. ચીનમાં જે વિસ્તારો સૌથી અસરગ્રસ્ત થયા છે તેમાં હુઆગાંગ, એઝાઓ, ચીબી, શિઆતાઓ, ઝિજિયાંગ, છિનાજિઆંગ, લિચુઆન અને વુહાનનો સમાવેશ થાય છે. સૌથી વધારે પ્રભાવિત વિસ્તારોમાં યુબેઈ પ્રાંત છે. ડબલ્યુએચઓ દ્વારા પણ કબુલાત કરવામાં આવી છે કે ખતરો અનેક ગણો વધારે છે અનેક દેશોએ ચીનમાં કોરોના વાયરસગ્રસ્ત વિસ્તારમાંથી પોતાના નાગરિકોને ખસેડવા માટે વિમાનો મોકલ્યા છે.

### કોરોનાના આંતકની વચ્ચે દેશમાં એલર્ટ

ચીનમાં ખતરનાક સાબિત થઈ રહેલા કોરોના વાયરસને લઈને ભારત પણ એલર્ટ છે. ભારત સરકાર દ્વારા જુદા જુદા પગલા લેવામાં આવ્યા છે. એલર્ટની જાહેરાત પણ કરવામાં આવી છે. કેન્દ્ર સરકાર દ્વારા નવી ટ્રાવેલ એડવાઈઝરી પણ જારી કરી છે. કેન્દ્રિય પ્રધાન રેડ્ડીએ કહ્યુ છે કે ચીનના પડોશી દેશોથી પરત ફરી રહેલા વિદેશી લોકોને પણ નિરીક્ષણ હેઠળ રાખવામાં આવી રહ્યા છે. ચીની નાગરિકો માટે ઈ-વીઝા અસ્થાયી રીતે બંધ કરી દેવામાં આવ્યા છે. ચીનથી ઓનલાઈન વીઝા બંધ કરી દેવામાં આવ્યા છે.

## દિલ્હીની ચૂંટણીમાં ૩૭૦ સાંસદોને ભાજપ ઉતારશે

નવીદિલ્હી, તા. ૪

દિલ્હી વિધાનસભાની ચૂંટણી આડે વધારે સમય રહ્યો નથી ત્યારે ભારતીય જનતા પાર્ટીએ તમામ તાકાત લગાવી દીધી છે. દિલ્હી ચૂંટણીમાં ૩૭૦ સાંસદોને ઉતારવાનો નિર્ણય ભાજપ દ્વારા કરવામાં આવ્યો છે. ભાજપે સંસદની કામગીરીપૂર્ણ થયા બાદ તેના સાંસદોને ઝુંપડપટ્ટીમાં મોકલવાની સૂચના આપી છે. લોકસભા અને રાજ્યસભા બંનેના સાંસદો પણ ચૂંટણી પ્રચારમાં ભાગ લેનાર છે. દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં પ્રચાર માટે ભારતીય જનતા પાર્ટીએ તમામ તાકાત લગાવી દીધી છે. ભારતીય જનતા પાર્ટીએ સ્ટાર પ્રચારકોની રેલી જારી રાખી છે. ગૃહમંત્રી અમિત શાહ પ્રચારની જવાબદારી સંભાળી રહ્યા છે. ભાજપના વડા જેપી નડ્ડા પણ મેદાનમાં છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225